# દેશપ્રેમ

– જીવરામ જોષી

એક માબાપ વિનાની છોકરી. અનાથાશ્રમમા રહેતી હતી. સોળ વરસની ઉમર હતી.

તેણે વાત સાભળી કે શત્રુઓએ પોતાના દેશ ઉપર ચડાઈ કરી છે. પોતાના દેશના જુવાનો મરણિયા બનીને લડી રહ્યા છે. દેશની રક્ષા માટે સ્ત્રીઓ અને ઘરડા બુઢા પણ લશ્કરમા દાખલ કરો.

સેનાપતિ કહે : એ તારુ કામ નથી. તુ નાની બાળા છો. તારે ભણવાનુ ચાલુ રાખવુ જોઈએ.

બાળા બોલી : મારા દેશની રક્ષા માટે ભણવાનુ તો શુ પણ મારો જીવ પણ છોડી દઈશ. મને સેનામા લઈ લો. હુ શત્રુ સામે લડીશ.

સેનાપતિએ આ બાળાના દેશ:પ્રેમના વખાણ કયા પણ આવડી નાની બાળકીને લશ્કરમા દાખલ કરાય નહિ તેમ કહી દીધુ.

બાળા બોલી : મારા પિતાજીએ આપણા દેશની સ્વાધીનતા માટે લડતા જીવ આત્યો હતો. માતાનુ પણ એ જ રીતે મરણ થયુ છે. તેથી હુ અનાથ બની ગઈ. અત્યારે આપણા દેશ ઉપર દુશ્મનોએ હુમલો કર્યો છે. ત્યારે હુ પણ દેશની રક્ષાનુ કામ કરીશ. જે મારા માબાપે કર્યું તે હુ પણ કરીશ. અમને સેનામા લઇ લો. હુ ભલે નાની છુ પણ જે કામ આપશો તે કરી શકીશ. જો ના કરી શકુ તો મને સજા કરજો.

સેનાપતિએ સમજાવીને તેણે સેનાના સૈનિકોની સેવા કરવાનુ કામ લઇ લીધુ. સૈનિકો લડવા જાય ત્યારે તેમને સાધન સગવડ આપનારુ એક સ્વય સેવક મડળ કામ કરતુ હતુ.



આ બાળા મડળમા જોડાઈ ગઈ. તેણે વાત જાણી કે દુશ્મનની સેના ગામડાઓ ઉપર તૂટી પડી છે. ગામડાની હરોળ પર કામ કરનારા ઓછા છે. આ વાત જાણી કે બાળા એક ગામડામા પહોચી ગઈ. ત્યા તેણે ગામડાના જુવાનોની એક ટોળી બનાવી. પોતાના દેશની સરહદની રક્ષા કરવા આ ટોળી ગોઠવાઈ ગઈ.

બાળામા ઉત્સાહ અને દેશપ્રેમનુ જોમ અપાર હતુ. બીજી કોઇ વાતનો તે વિચાર જ નહોતી કરતી. ગમે તે થાય પણ દુશ્મન સાથે લડવુ અને દેશની રક્ષા કરવી. એક પણ પળ તે નકામી જવા દેતી નહોતી.

એવામા સમાચાર આવ્યા કે દુશ્મનની સેના આ બાજુ આવી રહી છે. આપણી સેના હજી દૂર છે. વાર લાગે તો દુશ્મનની સેના ગામડામા ઘૂસી જાય.

આ વીર બાળા દોડી પડી. ગામડાના જુવાનો અને મોટાઓને તેણે હાકલ કરી કે આપણે સેનાની રાહ જોવી નથી. આપણે બધા દેશના સૈનિકો છીએ. તમારી પાસે જે

હથિયાર હોય તે લઇને નીકળી પડા. આપણી લોકસેના તૈયાર કરી દો, ચલો, દેશની રક્ષા માટે દુશ્મન સામે પહોચી જઇએ.

બાળાની આ વીરતાભરી વાત સાભળીને લોકોમા જોમ આવી ગયુ. લોકો નીકળી પડયા. બાળા બધાની આગેવાન બની ગઇ.

બાળાની આ લોકસેના દુશ્મનો સામે પહોચી ગઈ....

ખરેખર બાળાની આ લોકસેનાએ દુશ્મનોને રોકી દીધા. એવામા પોતાની સેનાની એક ટુકડી આવી પહોચી. તેણે બાળાની લોકસેનાને હથિયાર આપ્યા. સેનાની ટુકડી સાથે રહીને બાળા લડવા માડી. તેની લોકસેનાએ ખરેખરી વીરતા બતાવી. જો તેણે દુશ્મનોનો સામનો ન કર્યો હોત તો દુશ્મનોની સેના ગામડામા ઘૂસી ગઈ હોત.

બાળાની વીરતાથી સેનાપતિએ તેને માન આપ્યુ અને તેની ટુકડીને લડવા માટે સાધનો આપ્યા.

૧૯૪૦ની સાલમા જર્મનીના હિટલરે શરૂ કરેલુ બીજુ મહાયુદ્ધ હતુ. હિટલરની જબરી સેના રશિયા ઉપર તૂટી પડી હતી. ત્યારે સોળ વરસની બાળાએ આવી હિમ્મત બતાવી હતી.

તે રશિયાની હતો. તેનુ નામ આકાતોરીના મીખા ઇલોવા.

૧૯૪૫ની સાલ સુધી પૂરા પાચ વરસ એ બાળા યુદ્ધના મોરચા પર રહી દુશ્મનો સામે લડી અને દેશની રક્ષા કરી......

લડાઈ પૂરી થઈ.

ત્યારે બાળાની વીરતા માટે મોટુ લશ્કરી માન આપવામા આવ્યુ. ‘‘ઓર્ડર ઓફ લેનીન’’ની માનવતી પદવી મળી. પાચ લશ્કરી ચદ્રકો અપાયા.

હિમત ન હારો કદી હારી જાઓ ધન ધામ

ખોટુ નહિ કરો કામ ભલે ડૂબી જાય નામ.

■